ધો-૧૦ની વિદ્યાર્થીની પર રેપ કરીને કલીપીંગ વહેતી કરી દેવાઈ

શાળાના ધાબા પર દુષ્કર્મ આચર્યું : ત્રણ સગીર વયના વિદ્યાર્થીઓ વિરૂધ્ધ ગુનો દાખલ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં સ્થિત એક ગામમાં બનેલી ઘટનાએ ચકચાર મચાવી દીધી છે. ધો-૧૦માં અભ્યાસ કરતી ૧૪ વર્ષની વિદ્યાર્થીનીને શાળાના ધાબે લઈ જઈ દુષ્કર્મ આચરી તેનું મોબાઈલમાં વિડીયો શુટીંગ કરી લઈ આખી વિડીયો કલીપીંગ ગામમાં ફરતી કરી દેવામાં આવી છે. આ ઘટના સંદર્ભે ભોગ બનનાર વિદ્યાર્થીનીના પિતાની ફરિયાદને આધારે કલોલ તાલુકા પોલીસે ત્રણ સગીર વયના વિદ્યાર્થીઓ વિરૂધ્ધ બળાત્કાર તથા મદદગારીનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

કલોલ તાલુકાના એક ગામમાં રહેતી ૧૪ વર્ષની ધો-૧૦માં કલોલ ખાતે અભ્યાસ કરતી વિદ્યાર્થીની તે જ ગામના ત્રણ સગીર વયના કલોલની ટ્રેઈનીંગ ઈન્સ્ટીટયુટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે દરરોજ બસમાં અપડાઉન કરતાં સંપર્કમાં આવી હતી. ઉપરોકત ત્રણેય સગીર વયના એટલે કે માત્ર ૧૬ થી ૧૭ વર્ષના વિદ્યાર્થીઓએ ૧૪ વર્ષની વિદ્યાર્થીનીને ગામની જ એક શાળાના ધાબા પર ૧૧મી જુને લઈ જઈને દુષ્કર્મ આચરી વિડીયો કલીપીંગ ઉતારીને ગામમાં વહેતી કરી મુકી હતી. આ વહેતી થયેલી કલીપ વિદ્યાર્થીનીના પિતા સુધી પહોંચતા તેમના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. આ સમગ્ર મામલાની જાણ કલોલ તાલુકા પોલીસને કરતા પી.આઈ. બી.એન. દવેએ ત્રણેય સગીર વિદ્યાર્થીઓ વિરૂધ્ધ ગુનો નોંધી બિભત્સ કલીપ એફએસએલમાં મોકલી દીધી છે. શાળાના ધાબા પર તપાસ કરતાં ત્યાંથી કોન્ડોમના પેકેટ પણ મળી આવતા પોલીસે કબ્જે લીધા છે.

ગાંધીનગરમાં અષાઢી બીજે રથયાત્રા

ગાંધીનગર, તા.૨૯

રાજયની પાટનગરી ગાંધીનગરમાં ૧૯૮૫ના વર્ષમાં શરુ કરવામાં આવેલી ભગવાન જગન્નાથજીની અષાઢી બીજની રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ૧૦મી જુલાઈના બુધવારના રોજ રથયાત્રા નીકળશે.

સેકટર-૨૨માં પંચદેવ મંદિરેથી સવારે ૭ કલાકે પ્રારંભ કરીને નગરના પરંપરાગત રીતે નિયત થયેલા માર્ગો પર પરિભ્રમણ કરીને રથયાત્રા સાંજે ૭ કલાકે પરત આવશે. આશરે ૩૧ કિમી ના રુટ પર ભગવાનના રથને પંચદેવ યુવક મંડળના સ્વયંસેવકો દોરડા વડે હાથથી ખેંચીને સમગ્ર માર્ગ પર નગરજનોને જગતાપ ભગવાનના દર્શનનો લાભ અપાવશે.

રથયાત્રામાં ૧ હાથી-૧ બે ઘોડાની બગી, વિવિધ ધાર્મિક સ્થાનો-સામાજિક સંસ્થાના વાહનો-બેન્ડવાજા-અંગ કસરતના દાવ કરતા યુવાનો-વેશ ભૂષાના ટેબલા-૬ ઉંટલારી સહિત આશરે ૬૦ જેટલા વાહનો સામેલ થશે.

પ્રતિ વર્ષની માફક વિસામા દરમિયાન રથયાત્રામાં સામેલ ભકતજનો અને પોલીસ કર્મચારીઓ તેમજ હોમગાર્ડસ જવાનો માટે જલારામ મંદિર સેકટર-૨૯ ખાતે મહાપ્રસાદ સ્વરૂપે ચોખ્ખા ઘીનો મોહનથાળ, ખિચડી-કઢી અને છાશની વ્યવસ્થાનું આયોજન થયેલ છે. ત્રણ હજાર ભકતો મહાપ્રસાદનો લાભ લેશે. સેકટર-૨૪ના શાકભાજી એસોસિએશન દ્વારા શ્રી માનાજી મારવાડીની પ્રેરણાથી પ્રસાદ માટે એક હજાર કિલો કાકડી જાંબુ પુરા પાડવામાં આવશે. વરિયા સમાજ દ્વારા મગની પ્રસાદી પુરી પાડવામાં આવશે.

રથયાત્રાના દર્શનનો લહાવો લેવા માટે રાજયપાલ, મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓને વિધાનસભાના અધ્યક્ષ, વિરોધ પક્ષના નેતાઓને રથયાત્રા સમિતિ દ્વારા નિમંત્રણ આપવામાં આવ્યા છે.

નગરના વસાહત મંડળો, વેપારી એસોસિએશન, ધાર્મિક સ્થાનો, સામાજિક સંસ્થાઓ દ્વારા રથયાત્રાના આયોજમાં સહકાર મળી રહેલ છે.

રથયાત્રાના નિયત માર્ગમાં આવતી તમામ શાળાઓના વિદ્યાર્થીઓ રથયાત્રાનું સ્વગાત કરશે. નગરજનો ઉત્સાહપુર્વક દર્શન માટે ઉમટી પડે તે માટે રથયાત્રા સમિતિએ નિમંત્રણ પાઠવેલ છે. રથયાત્રા મહોત્સવ સમિતિના અધ્યક્ષશ્રી પૂ. કુલશંકર શાસ્ત્રી, મંત્રી શ્રી દિનેશભાઈ કાપડિયા, કોષાધ્યક્ષશ્રી રજનીભાઈ શર્માએ જણાવેલ છે.

સમાજ કલ્યાણ ખાતાનાં સાચા અર્થમાં કર્મયોગી પ્રવીણભાઈ શ્રીમાળી વય નિવૃત્ત થયા

ગાંધીનગર, તા. ૨૯

ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે સમાજ કલ્યાણ ખાતામાં ફરજ બજાવતા પ્રવીણભાઈ શ્રીમાળી વય નિવૃત્ત થતાં દલિત અધિકાર સંઘ દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

સમાજ કલ્યાણ ખાતાના ડેપ્યુટી ડાયરેક્ટર પ્રવિણભાઈ શ્રીમાળી વય નિવૃત્તિને કારણે આજે તા. ૩૦-જૂન-૨૦૧૩ એ નિવૃત્ત થાય છે. સમાજ કલ્યાણ ખાતામાં ૧૯૮૪માં સીધી ભરતીથી નિમાયેલ પી.બી. શ્રીમાળીએ વર્ગ-૩માં સમાજ કલ્યાણ ઈન્સ્પેક્ટર, વોર્ડન, ઓ.એસ. તરીકે વર્ગ-૨માં સમાજ કલ્યાણ અધિકારી તરીકે તેમજ અતિ પછાત જાતિ વિકાસ બોર્ડમાં સચિવ તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ બજાવી છે. તેમની કામગીરીની કદર કરીને સરકારશ્રીએ હમણાં જ તેમને ડેપ્યુટી ડાયરેક્ટરમાં વર્ગ-

૧ તરીકે બઢતી આપીને નિમણૂંક આપી હતી. તેઓ સરકારી સેવામાં વિનમ્ર સ્વભાવથી સચોટ અને પરિણામલક્ષી માર્ગદર્શન આપતા. તેમને મળવા આવનાર અનુ. જાતિનો મોટો સમૂહ હતો. કોઈપણ પ્રશ્ન લઈને આવનાર મુલાકાતીને વિવેકપૂર્વક સંભાળીને તેમનું કામ ત્વરિત થાય તેવા પ્રયત્નશીલ રહ્યા છે. સામાજિક મેળવડાઓ, કાર્યક્રમો, સરકારી કાર્યક્રમોમાં સરકારશ્રીની યોજનાઓનો બહોળો પ્રચાર કરતાં સ્વ. ફકીરભાઈ વાઘેલાના મંત્રી તરીકેના કાર્યકારી દરમ્યાન પી.બી. શ્રીમાળીએ અનેક નવા વિચારો નવી યોજનાઓ અમલમાં મુકાય તે માટે અથાગ પ્રયત્ન કર્યા છે. મુખ્યમંત્રી મંત્રીશ્રીના સરકારી કાર્યક્રમોનું સભા સંચાલન પણ તેમણે સફળતાપૂર્વક સંભાળ્યું છે. તેઓ સામાજિક પ્રવૃત્તિઓમાં પણ એટલા જ સક્રિય રહ્યા છે. તેઓ સમાજ સેવા ઉપરાંત સાચા અર્થમાં કર્મયોગી સાબિત થયા છે. તેઓ તા. ૩૦-૬-૨૦૧૩એ વયનિવૃત્ત થાય છે. ત્યારે સમગ્ર દલિત સમાજવતી તેમને હાર્દિક શુભેચ્છા પાઠવીએ છીએ.

રોટરી કલબના ઉપકમે ૧લીએ રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૯

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા જુનિયર ચેમ્બર ગાંધીનગર, જૈન સોશ્યલ ગૃપ ઓફ ગાંધીનગર, લાયોનેસ કલબ ગાંધીનગર અને રોટરી કલબ ઓફ કેપિટલના સંયુકત ઉપકમે મહારકતદાન શિબિર ૧લી જુલાઈએ યોજાશે.

ગાંધીનગર શહેરની સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પ્રથમ વખત સાથે મળી મેગા બ્લડ ડોનેશન કેમ્પ ૧લી જુલાઈએ સવારે ૮ થી ૧૧ વાગ્યા દરમિયાન રોટરી ફિજીયોથેરાપી સેન્ટર, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે યોજાશે. રકતદાન શિબિરમાં મોટી સંખ્યામાં રકતદાતાઓને ભાગ લેવા અપીલ કરાઈ છે.

ટ્રાફિક બ્રિગેડના જવાનોને ટ્રાફિક ટ્રસ્ટ દ્વારા ડ્રેસ સહાય

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સંચાલિત ટ્રાફિક બ્રિગેડ શહેર અને જિલ્લામાં ટ્રાફિક વ્યવસ્થા, સંચાલન અને માર્ગ સલામતી અંગે કામ કરે છે આ બ્રિગેડમાં અન્ય ૧૭ જેટલા સ્વયં સેવકોની ભરતી કરવામાં આવી છે. ગાંધીનગર શહેરના પોલીસ અધિક્ષક શરદ સિંઘલના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક બ્રિગેડના સ્વયંસેવકો ટ્રાફિક સંચાલનમાં મદદરૂપ થાય છે. બ્રિગેડમાં છેલ્લા ઘણા સમયથી વધારો કરવાની જરૂર જણાતી હતી. આથી આજે ૧૭ સ્વયંસેવકોની ભરતી કરી હતી. ટ્રાફિક ઈન્સ્પેકટર વાય.આર. ગામીત, કર્મચારીગણ, ટ્રાફિક ટ્રસ્ટના કમલ કિશોર જૈન તથા અરુણભાઈ બુચ દ્વારા તમામ સેવકોને ડ્રેસ આપી શહેરીજનો સાથે સૌજન્યપૂર્ણ રીતે વર્તી નિષ્ઠાપૂર્વક ફરજ અદા કરવા જણાવ્યું હતું. ટ્રાફિક બ્રિગેડના નવા જોડાયેલા સભ્યોએ પણ નિષ્ઠાપૂર્વક ફરજ અદા કરવાની ખાત્રી આપી હતી.

જીવ-જંતુઓની જેમ જીવન જીવવાથી ઈતિહાસ નહીં બને : મુનિ વિમલસાગરજી

ગાંધીનગર, તા. ૨૯

યુવાવસ્થા જીવનની સહુથી કિંમતી સંપદા છે. સાચી દિશામાં આગળ વધીને એને સાર્થક કરી શકાય છે. વિઝન વગર એકશન તો માત્ર કસરત છે. એનાથી કંઈ વળશે નહિં. એકશન વગરનું વિઝન પણ નિરર્થક છે. હકીકતમાં વિઝન સાથેનું એકશન જ ચમત્કારનું સર્જન કરી શકે છે.

આ વકતવ્ય ક્રાંતિકારી વિચારક મુનિ વિમલસાગરજી મહારાજે શુક્રવારે ગાંધીનગરમાં વિશેષ પ્રવચનમાં આપ્યું હતું. શહેરમાં સેકટર-૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કોલેજના હોલમાં યુવક-યુવતીઓને સંબોધિત કરતાં વિદ્વાન મુનિવરે વધુમાં કહ્યું હતું કે જીવ-જંતુઓની જેમ જીવન જીવવાથી ઈતિહાસ નહીં બને. ઈતિહાસ બનાવવા માટે તો લકઝરી છોડવી પડે અને કંઈક ન્યોછાવર કરવાની તૈયારી રાખવી પડે. જે લોકોના મગજ સુખ-સુવિધાઓમાં રચ્યાં-પચ્યાં હોય, તેઓ સમાજ-ધર્મ કે રાષ્ટ્ર માટે મહાન યોગદાન નહીં આપી શકે.

ઓજસ્વી પ્રવચનકાર મુનિશ્રીએ આગળ કહ્યું હતું કે કંઈ પણ કરવા માટે સહુથી પહેલા આપણામાં નિષ્ઠા હોવી જોઈએ. નિષ્ઠાહીન હજાર પણ નકામા લેખાય, જ્યારે નિષ્ઠાવાન એક પણ મહત્વપૂર્ણ છે. આજે ઉપદેશકો વધી ગયા છે. નક્કર કામ કરવાવાળાઓની ખોટ દેખાય છે. નિષ્ઠાવાન વ્યક્તિ જ સમાજની સેવા કરી શકે છે. સાચા અને સારા લોકોને સમાજમાં મહત્વ મળવું જોઈએ. ત્યારે જ ધર્મ કે માનવતાની રક્ષા થઈ શકશે. મહુડી તીર્થની પરંપરાના રાષ્ટ્રસંત આચાર્ય શ્રી પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિ વિમલસાગરજી મહારાજ અને મુનિ પદ્મવિમલસાગરજી મહારાજ ત્રણ દિવસના પ્રવાસે ગાંધીનગર પધાર્યા છે.

સેક્ટર-૮ વસાહતમંડળ તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૨૯

સેક્ટર-૮ના વસાહત મંડળ તરફથી દર વર્ષની જેમ આ વર્ષમાં પણ ધોરણ ૧ થી ૯માં ભણતા ફક્ત સેક્ટર-૮ના વિદ્યાર્થી ભાઈ-બહેનો કે જેઓએ ૭૫ ટકા કે એનાથી વધુ ટકા મેળવેલ છે. તેઓનું ઈનામો આપી સન્માન કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેથી આવા તેજસ્વી તારલાઓએ રહીમભાઈ પ્લોટ નં. ૩૨૧/૧ આસોપાલવ સોસાયટી સે. ૮ ઉપ પ્રમુખ ગીરીશભાઈ યાદવ પ્લોટ ૮૧૫ સે. ૮ મહામંત્રીશ્રી પ્રેમસિંહ રાજપુત પ્લોટ નં. ૪૨૭/૨ ગીતાંજલી પાર્ક તા. ૩૧મી જુલાઈ સુધીમાં પહોંચાડી કરવા વિનંતી છે. ત્યારબાદ આવેલ માર્કશીટ પર ધ્યાન અપાશે નહિ.

માહિતી ખાતાના કર્મયોગી કે. બી. ગોહિલનો નિવૃત્તિ-શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

માહિતી ખાતામાંથી નિવૃત્ત થતા વર્ગ-૪ના કર્મયોગી શ્રી કે.બી.ગોહિલનો નિવૃત્તિ શુભેચ્છા સમારોહ ગાંધીનગરમાં સંયુકત માહિતી નિયામકશ્રી અરવિંદભાઈ પટેલ અને સંયુકત માહિતી નિયામક શ્રી પુલકભાઈ ત્રિવેદીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

માહિતી પરિવાર વર્ગ-૪ કર્મચારી મંડળના ઉપકમે યોજવામાં આવેલા આ નિવૃત્તિ-શુભેચ્છા સમારોહમાં શ્રી અરવિંદભાઈ પટેલ અને શ્રી પુલકભાઈ ત્રિવેદીએ નિવૃત્ત થયેલા કર્મયોગી શ્રી ગોહિલની કામગીરીને બિરદાવી તેની કર્તવ્યનિષ્ઠામાંથી પ્રેરણા લેવા અનુરોધ કર્યો હતો. સાથો સાથ શ્રી કે.બી. ગોહિલના રમૂજી સ્વભાવ વિષે પણ વિસ્તૃત વાત કરી હતી. શ્રી રમણભાઈ પટેલ અને શ્રી ભલાભાઈ પ્રજાપતિએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

૪૧ વર્ષની સુદીર્ઘ સરકારી સેવાઓમાંથી નિવૃત્ત થતા શ્રી ગોહિલે તમામનો આભાર વ્યકત કર્યો હતો. પ્રેરક બાબત એ હતી કે શ્રી કે.બી. ગોહિલે વ્યકિતગત પોતાના તરફથી તમામ સાથી કર્મચારીઓને થાળી, વાટકી તથા ગ્લાસનું સ્મૃતિચિન્હ ભેટ સ્વરૂપે આપ્યું હતું.

આ પ્રસંગે રાજય કર્મચારી મહામંડળના ઉપપ્રમુખ અને માહિતી કર્મચારી મંડળના પ્રમુખ શ્રી દિનેશ ચૌહાણ, વર્ગ-૪ કર્મચારી મંડળના પ્રમુખ શ્રી એ.એસ. પ્રજાપતિ, શ્રી શંભુભાઈ દેસાઈએ પ્રાસંગિક પ્રવચનોમાં શ્રી ગોહિલને શુભેચ્છાઓ પાઠવીને તેમની સાથના સંસ્મરણો રજૂ કર્યા હતાં. વિદાય કાર્યક્રમનું સંચાલન શ્રી ભાનુભાઈ દવેએ કર્યું હતું. આ પ્રસંગે સમગ્ર માહિતી પરિવારના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા દિવંગતોને શ્રદ્ધાંજલિ અપાઈ

ઉત્તરાખંડમાં થયેલા પ્રલયના મૃતાત્માના આત્માની શાંતિ માટે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા ૫૧ મીણબત્તી પ્રગટાવી શ્રદ્ધાંજલિ અપાઈ હતી. વિનાશક પૂરમાં ફસાયેલા સ્વજનો પોતાના ઘરે ફરત ફરે તે માટે શ્રી શકિત મંડળ, સેકટર-૨૩ દ્વારા આનંદના ગરબાનું આયોજન બ્રહ્મભવન ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજની બહેનો, બાલાજી ભજન મંડળ સેકટર-૧૬, ગોપી ભજન મંડળ, સે-૨૧, મીરા મંડળ, સેકટર-૬ની બહેનો મોટી સંખ્યામાં હાજર રહી હતી અને ભકિતપૂર્વક આનંદનો ગરબો કર્યો હતો. જલારામ મહિલા મંડળના કુસુમબેન તન્ના પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. મહિલા પાંખે ૧૦૦ ખુરશીઓ બ્રહ્મભવન ખાતે અર્પણ કરી તેના સર્વ દાતાશ્રીઓનો પ્રમુખ પ્રતિભાબેને હૃદયપૂર્વક આભાર માન્યો છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪
સૂર્યાસ્ત : ૭.૧૭

તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૪ ટકા ● સાંજે ૬૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ઘનચક્કર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

રાંઝણા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

યે જવાની હૈ દિવાની : ૧૨.૪૫
ફુકરે : ૪.૦૦
ઘનચક્કર : ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

ઘનચક્કર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

સૂર્યા, વાવોલ

રાંઝણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શિખંડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ઘનચક્કર : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

રાંઝણાઃ ૧૦.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

એનીમી : ૧૦.૪૫, ૪.૧૫,
શોર્ટકટ રોમિયો : ૧.૩૦, ૧૦.૦૦

ચિરાગ, કલોલ

મંગલફેરા - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

વૃષભ : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

મિથુન : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

કર્ક : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન-સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

કન્યા : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

તુલા : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

વૃશ્ચિક : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

ધન : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

મકર : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.